PROSPECTUS(માહિતી પુસ્તિકા) : 2016-17



અરવલ્લી વિદ્યાભવન ટ્રસ્ટ, ખેડબ્રહ્મા
સંચાલિત

ડી. ડી. ઠાકર આર્ટ્સ અને કે. જે. પટેલ કોમર્સ કોલેજ, ખેડબ્રહ્મા

[NAAC Accredited Grade " B " with 2.72 Points,
" A " Grade { CGPA : 3.33} in AAA of KCG Gujarat &
"College with potential For Excellence" awarded by UGC]

પ્રિ.એન.ડી.પટેલ
ડી. ડી. ઠાકર આર્ટ્સ
અને
કે. જે. પટેલ કોમર્સ કોલેજ, ખેડબ્રહ્મા

ડૉ. મણિલાલ હ. પટેલ
મેનેજિંગ ટ્રસ્ટી,
શ્રી જેઠાભાઈ કે. પટેલ
મંત્રી,
અરવલ્લી વિદ્યાભવન ટ્રસ્ટ, ખેડબ્રહ્મા

સંપાદન : ૧. ડૉ. આર. જે. દેસાઈ ૨. શ્રી એચ. એચ. ચૌહાણ ૩. ડૉ. જે. એસ. રાઠવા ૪. શ્રી આર.પી. પટેલ

અરવલ્લી વિદ્યાભવન ટ્રસ્ટ, ખેડબ્રહ્મા

સંચાલિત

ડી. ડી. ઠાકર આર્ટ્સ અને કે. જે. પટેલ કોમર્સ કોલેજ, ખેડબ્રહ્મા

॥ સંસ્થાના શિલ્પીઓ ॥

ક્રમ	નામ	હોદ્દો	સમયગાળો
૧.	સ્વ. શેઠ શ્રી અરવિંદ નરોત્તમ લાલભાઈ	અધ્યક્ષ	૩૧.૩.૮૬ થી ૩.૮.૦૭
૨.	સ્વ. શ્રી કોદરભાઈ જીવાભાઈ પટેલ	કાર્યાધ્યક્ષ અને દાતાશ્રી	૩૧.૩.૮૬ થી ૩૧.૧.૯૮
૩.	સ્વ. શ્રી દુર્ગાશંકર દલપતરામ ઠાકર	દાતાશ્રી	-
૪.	સ્વ. શ્રી ચંદુભાઈ પરષોત્તમભાઈ પટેલ	ઉપાધ્યક્ષ	૩૧.૩.૮૬ થી ૧૫.૧૨.૯૫
૫.	શ્રી અંબાલાલભાઈ વાલજીભાઈ પટેલ	ઉપાધ્યક્ષ	૩૧.૩.૮૬ થી ૩૧.૧.૯૮
૬.	સ્વ. શ્રી ભાનુશંકર દેવશંકર જોષી	ઉપાધ્યક્ષ	૩૧.૩.૮૬ થી ૧૬.૮.૦૬
૭.	સ્વ. શ્રી હરીહર મોહનલાલ શુકલ	મેને. ટ્રસ્ટી	૩૧.૩.૮૬ થી ૧૭.૧.૯૮
૮.	શ્રી જેઠાભાઈ ખેતાભાઈ પટેલ	મંત્રી	૩૧.૩.૮૬ થી -------
૯.	સ્વ. શ્રી કેશુભાઈ અંબાલાલભાઈ પટેલ	સહમંત્રી	૩૧.૩.૮૬ થી ૧૯.૮.૦૬
૧૦.	શ્રી ઈન્દ્રવદનભાઈ રવજીભાઈ પટેલ	કોષાધ્યક્ષ	૩૧.૩.૮૬ થી ૧૯.૮.૦૬
૧૧.	સ્વ. શ્રી ખીમજીભાઈ નારાયણભાઈ પટેલ	સભ્ય	૩૧.૩.૮૬ થી ૨૩.૧૨.૦૫
૧૨.	સ્વ. શ્રી બચુભાઈ મોતીભાઈ પટેલ	સભ્ય	૩૧.૩.૮૬ થી ૧૬.૧૧.૮૮
૧૩.	સ્વ. શ્રી શીવશંકર લજ્જારામ જોષી	સભ્ય	૩૧.૩.૮૬ થી ૨૫.૧.૯૨
૧૪.	શ્રી અમૃતભાઈ શામળદાસ બારોટ	સભ્ય	૩૧.૩.૮૬ થી ૧૯.૮.૦૬
૧૫.	શ્રી જયંતિભાઈ મોતીભાઈ પટેલ	સભ્ય	૩૧.૩.૮૬ થી -------
૧૬.	શ્રી શામળભાઈ માધાભાઈ પટેલ	સભ્ય	૩૧.૩.૮૬ થી ૧૯.૮.૦૬
૧૭.	સ્વ. શ્રી ફલજીભાઈ કાલીદાસભાઈ પટેલ	સભ્ય	૩૧.૩.૮૬ થી ૬.૨.૦૬
૧૮.	સ્વ. શ્રી કપિલરાય આર. જાની	સભ્ય	૩૧.૩.૮૬ થી ૨૧.૦૩.૧૪
૧૯.	સ્વ. શ્રી ડૉ.નવનીત એન. ગોસ્વામી	સ્થાપક આચાર્ય	૧૩.૭.૮૭ થી ૩૦.૬.૯૩

॥ કાર્યરત હોદ્દેદારો ॥

૧.	અધ્યક્ષ	શેઠ શ્રી સંવેગ લાલભાઈ	અમદાવાદ
૨.	કાર્યાધ્યક્ષ	શ્રી અંબાલાલભાઈ વાલજીભાઈ પટેલ	કલોલકંપા
૩.	ઉપાધ્યક્ષ	ડૉ.છગનભાઈ હરજીભાઈ પટેલ	ખેડબ્રહ્મા
૪.	ઉપાધ્યક્ષ	શ્રી શામળભાઈ માધાભાઈ પટેલ	વાસાગા
૫.	મેને. ટ્રસ્ટી	ડૉ. મણિલાલ હ. પટેલ	વલ્લભવિદ્યાનગર
૬.	મંત્રી	શ્રી જેઠાભાઈ ખેતાભાઈ પટેલ	માતાજીકંપા
૭.	સહમંત્રી	શ્રી દિલીપકુમાર અમૃતભાઈ બારોટ	ખેડબ્રહ્મા
૮.	કોષાધ્યક્ષ	શ્રી રતિલાલ આર. જાની	ખેડબ્રહ્મા

સંસ્થાના શિલ્પીઓ



કોલેજભવનનું ભૂમિપૂજન

કોલેજભવનનું ઉદ્‌ઘાટન

આચાર્યશ્રીનું ઉદ્‌બોધન

નમસ્કાર,

ડી. ડી. ઠાકર આર્ટ્સ અને કે. જે. પટેલ કોમર્સ કોલેજ, ખેડબ્રહ્મા દ્વારા પ્રસિધ્ધ થતી આ માહિતી પત્રિકાના માધ્યમ દ્વારા આપને મળતાં રાજીપો અનુભવું છું.

શિક્ષણ સંસ્થા એટલે મા સરસ્વતીનું પાવન મંદિર. આ મંદિરમાં જ્ઞાનની ઉપાસના થાય છે. અધ્યાપકોની પ્રેરણા અને તેમના માર્ગદર્શનથી વિદ્યાર્થીનો આત્મવિશ્વાસ વધે, તેની તેજસ્વિતા વધે અને તેનો વિદ્યા-વ્યાસંગ વધે તેવો નિષ્ઠાપુર્વકનો પ્રયત્ન આર્થિક, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વિસ્તારમાં આવેલી આપણી આ કોલેજ દ્વારા થઈ રહ્યો છે. શિક્ષણની ગુણવત્તા વિશે સાર્વત્રિક વલોપાત ચાલે છે તેવા સમયમાં અમારી આ સંસ્થા દ્વારા ઉચ્ચ શિક્ષણની ગુણવત્તા જાળવી અમારા વિદ્યાર્થીઓમાં વિચાર અને આચારની એકરૂપતા જન્મે તથા એમનામાંથી ભય, પ્રલોભન, ઈર્ષા, નફરત દૂર થાય તેવા પ્રયાસો કરવામાં આવે છે. અમારી સંસ્થાનો એ દ્રઢ સંકલ્પ છે કે વિદ્યાર્થીને માત્ર માહિતી નહી પરંતુ નવો વિચાર આપવો. વિદ્યાર્થીની બહુમુખી પ્રતિભા ખીલે એ માટે વર્ગ શિક્ષણની સાથે સાથે અનેકવિધ પ્રવૃતિઓ આ સંસ્થામાં થાય છે. સમાજ સાથેનો નાતો જળવાય એ દિશામાં પણ આ સંસ્થા સતત વિચારતી રહી છે. અમારો એ સંકલ્પ છે કે આ વિસ્તારમાં જ્ઞાનની ભૂખ જન્મે, જ્ઞાન સંવર્ધન થાય, સંસ્કાર સિંચન થાય તેમજ કારકિર્દીમાં પગભર થવા માટેની સજ્જતા કેળવાય.

વિદ્યાર્થીના મુખ ઉપર શિક્ષણના આનંદની પ્રસન્નતા જોવા માટે સંસ્થાનું સંચાલક મંડળ જરૂરી તમામ સુવિધાઓ પુરી પાડે છે. શિક્ષણ માટે સમર્પિત મંત્રીશ્રી જેઠાભાઇ પટેલ અને શિક્ષણ - સાહિત્ય જગતમાં આદરપાત્ર અમારા મેનેજિંગ ટ્રસ્ટી ડૉ. મણિલાલ હ.પટેલના હૂંફ, પ્રેરણા અને માર્ગદર્શન અમને મળતા રહે છે. અમારા જમા પક્ષે અમારી એકતા છે. વાદ-વિવાદ નહિ પણ સંવાદથી તમામ કર્મચારીઓ તેમજ વિદ્યાર્થીઓની સક્રિયતા આવનાર વર્ષોમાં આ કોલેજનો એક આગવો ઈતિહાસ રચશે એની મને શ્રધ્ધા છે.

શ્રી એન.ડી.પટેલ
આચાર્ય



અનુક્રમણિકા

	પાન નં.
૧. કોલેજની શિક્ષણયાત્રા	૧
૨. ભૌતિક સુવિધાઓ	૧
૩. શૈક્ષણિક સુવિધાઓનો પરિચય	૨
૪. કોલેજ ગ્રંથાલય	૪
૫. શૈક્ષણિક અને શિક્ષણેતર પ્રવૃત્તિઓ	૫
૬. પરીક્ષા પદ્ધતિ	૭
૭. અભ્યાસના વિષયો	૮
૮. વિવિધ અભ્યાસક્રમ માટે વર્ગવાર ફીના દર અને આર્થિક સવલતો	૧૧
૯. કોલેજ કેમ્પસમાં શિસ્ત અંગેની સૂચનાઓ	૧૨
૧૦. મહાનુભાવોના પ્રતિભાવ	૧૨
૧૧. એકેડેમિક કેલેન્ડર	૧૩
૧૨. કોલેજ સ્ટાફની યાદી	૧૪
૧૩. ડૉ. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિ.માં ચાલતા અભ્યાસક્રમો	૧૫
૧૪. અગત્યના ફોન નંબર	૧૫
૧૫. યાદગાર ક્ષણો	૧૬

નેક ટીમ -૨૦૦૭

AAA ટીમ -૨૦૧૪

નેક ટીમ -૨૦૧૪

કોલેજની શિક્ષણયાત્રા.....

સામાજિક, આર્થિક અને શૈક્ષણિક દૃષ્ટિએ ઉત્તર ગુજરાતનો પછાત વિસ્તાર એટલે આજનું ખેડબ્રહ્મા અને પુરાતન બ્રહ્મક્ષેત્ર. આ વિસ્તારમાં ઉચ્ચ શિક્ષણ આપતી સંસ્થાનો અભાવ વર્તાતો હતો ત્યારે રાજ્યમાં શિક્ષણવિદ્ તરીકે નામાંકિત આ જ વિસ્તારના આદરણીય આચાર્યશ્રી સ્વ. હરિહર શુકલ સાહેબની આગેવાની હેઠળ કેટલાક સામાજિક અગ્રણી, જ્ઞાનપિપાસુ અને શિક્ષણ હિતચિંતકોએ ભેગા મળી દૃઢ મનોબળથી એક ઉચ્ચ શિક્ષણ સંસ્થા સ્થાપી જ્ઞાનરૂપી સરસ્વતીને વહેવડાવવાનો સંકલ્પ કર્યો. જે અંતર્ગત તા: ૧૪.૩.૧૯૮૬ના રોજ અરવલ્લી વિદ્યાભવન ટ્રસ્ટની સ્થાપના કરી, ટુંક સમયમાં જ આર્ટ્સ અને કોમર્સ કોલેજની સ્થાપના માટે ગુજરાત યુનિ.(અમદાવાદ)ને જોડાણ માટે અરજી કરવામાં આવી. જે સ્વીકારાતાં કોલેજ માટે મકાનની તાત્કાલિક આવશ્યકતા ઉભી થઈ.

શુભ સંકલ્પોથી શરૂ થયેલી આ સંસ્થાને સંકલ્પ પૂર્તિમાં જાગૃત લોક સમુદાય અને સમાજના વિવિધ ક્ષેત્રના અગ્રણીઓનો સહયોગ મળ્યો. જેમાં સ્વ.શ્રી કોદરભાઈ જીવાભાઈ પટેલ, સ્વ.શ્રી દુર્ગાશંકર દલપતરામ ઠાકર અને ધી ખેડબ્રહ્મા નાગરીક સહકારી બેંકે દુષ્કાળના એ વર્ષોમાં ત્રાણ-ત્રાણ લાખનું માતબર દાન આપતાં ખૂબ જ ટુંકા ગાળામાં કોલેજના ભવ્ય મકાનનું નિર્માણ શક્ય બન્યું. જેના પરિણામે હરણાવ, ભીમાક્ષી અને કૌશામ્બી નદીના ત્રિવેણી સંગમ પર આવેલ ક્ષીરજામ્બા માતાની ટેકરી પર કોલેજે પોતાના ભવ્ય પરિસરમાં જ તા: ૧૩.૭.૧૯૮૭ ના રોજથી ૧૫૦ વિદ્યાર્થી સાથે શૈક્ષણિક કાર્યની શરૂઆત કરી. તેનો પ્રારંભ સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી સ્વ. શ્રી હરિહર શુકલના મંગળ પ્રવચનથી થયો. આ સંસ્થામાં આજે ૧૫૦૦ જેટલા વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષણ મેળવી રહ્યા છે.

આજે જ્ઞાન વિજ્ઞાનની ક્ષિતીજો સતત વિસ્તરતી રહી છે તથા શિક્ષણ ક્ષેત્રે નવાં નવાં પરિવર્તન આવી રહ્યાં છે ત્યારે તેમની સાથે કદમ મિલાવવા સંચાલક મંડળ સતત તત્પર રહયું છે. જે અંતર્ગત સંસ્થામાં કેટલીક ભૌતિક સુવિધાઓ વધારાઈ છે, તેમજ ભવિષ્યમાં કેટલીક સુવિધાઓ વિકસાવવાનું આયોજન પણ છે.

ઉપલબ્ધ ભૌતિક સુવિધાઓ :

૧. ૧૮ વર્ગખંડ ૨. સ્ટાફ રૂમ ૩. કમ્પ્યૂટરાઈઝ કાર્યાલય ૪. ગ્રંથાલય અને વાંચનાલય ૫. લેડિઝ રૂમ ૬. રિસર્ચ સેન્ટર ૭. N.S.S. અને N.C.C. રૂમ ૮. કેન્ટીન અને મીનરલ વોટરની સુવિધા ૯. ઝેરોક્ષ સુવિધા ૧૦. જિમ્નેશિયમ અને સ્પોર્ટ્સ રૂમ ૧૧. કમ્પ્યૂટર સેન્ટર, કોમર્સ લેબ અને લેગ્વેજ લેબ ૧૨. પાર્કિંગ અને બગીચો ૧૩. રમત-ગમત માટેનું મેદાન ૧૪. લેડિઝ હોસ્ટેલ ૧૫. અંધ વિદ્યાર્થી માટેનું કમ્પ્યૂટર, એન્જલ, ટેપરેકોર્ડર ૧૬. અપંગ માટે ટ્રાયસિકલ ૧૭.નેટવર્ક રીસોર્સ સેન્ટર ૧૮. ઈન્ડોર સ્ટેડિયમ

શૈક્ષણિક સુવિધાઓનો પરિચય

કમ્પ્યૂટર સેન્ટર :

કોલેજમાં રોટરી ઈન્ટરનેશનલના સહયોગથી સ્થપાયેલ કમ્પ્યૂટર સેન્ટર વર્ષ ૧૯૯૫ થી કાર્યરત છે. જેમાં ઈન્ટરનેટ અને લેન સુવિધા સાથેના કુલ ૨૫ જેટલા અદ્યતન કમ્પ્યૂટર ઉપલબ્ધ છે. જે થકી BA/ B.com. ના અભ્યાસક્રમમાં આવતા કમ્પ્યૂટર વિષયનું પ્રેક્ટીકલ જ્ઞાન વિદ્યાર્થીઓ મેળવે છે. વળી, આ સેન્ટર દ્વારા B.A.O.Univ. ના કમ્પ્યૂટર કોર્સ કરવા માટેની સગવડ પણ વિદ્યાર્થીઓ અને સમાજના અન્ય લોકોને પૂરી પડાય છે.

લેંગ્વેજ લેબ :

કોલેજમાં કોઈપણ શાખાના વિદ્યાર્થી અંગ્રેજી સારી રીતે શીખી શકે એ માટે ૨૩ કમ્પ્યૂટરો સાથેની આધુનિક લેંગ્વેજ લેબ છે. જેમાં સોફ્ટવેરના ઉપયોગ થકી વિદ્યાર્થી સરળ રીતે જાતે જ અંગ્રેજી શીખી શકે તે પ્રકારની જોગવાઈ છે. આ અંતર્ગત 'સ્કોપ' અને 'ઉલ' ના સર્ટીફિકેટ કોર્સ પણ ચલાવવામાં આવે છે.

નેટવર્ક રિસોર્સ સેન્ટર :

માહિતી ટેકનોલોજી અને ઈન્ટરનેટ સુવિધાઓનો વિદ્યાર્થી પોતાની કારકિર્દી ઘડતરમાં સરળતાથી ઉપયોગ કરી શકે તે માટે યુ.જી.સી.ના સહયોગથી નેટવર્ક રિસોર્સ સેન્ટરની સ્થાપના કરેલી છે. જ્યાં વિદ્યાર્થીઓ અને અધ્યાપકો શૈક્ષણિક અને કારકિર્દીના હેતુસર કોઈ ફી ચૂકવ્યા વિના ઈન્ટરનેટનો ઉપયોગ કરી શકે છે.



જિમ્નેશિયમ :

આપણી કોલેજમાં શારીરિક ક્ષમતાના વિકાસ માટે યુ.જી.સી.ના આર્થિક સહયોગથી મલ્ટી-ટેલ્વ સ્ટેઝનું મીની જિમ વસાવવામાં આવ્યું છે. જેમાં ચાલવાની કસરત માટે ટ્રેડ મેઈલ ટેસ્ટ મશીન, વેઈટ ટ્રેઈનીંગ સેટ, પુલ અપ્સ, સીટ અપ્સ તેમજ હાથ, પગ, કમર, ઢીંચણ, છાતી વગેરેની કસરત માટેના સાધનો ઉપલબ્ધ છે. આ જિમ સેન્ટરના ઉપયોગ માટે જરૂરી માહિતી નીચે પ્રમાણે છે.

૧. કોલેજમાં પ્રવેશ લીધેલ હોય તેવા વિધાર્થી/વિધાર્થિની એ સત્ર દીઠ રૂ.૫૦/- જિમ ફી ભરવાની રહેશે.
૨. આંતર કોલેજની કોઈપણ રમતમાં ભાગ લીધો હોય તેવા ખેલાડી ભાઈ/બહેન પાસેથી કોઈ ફી લેવાશે નહીં.
૩. કોલેજ કર્મચારી તથા પરિવારના અન્ય સભ્યો માટે સભ્ય દીઠ રૂા. ૨૦૦/- સત્ર ફી ભરવાની રહેશે.
૪. જાહેર રજાના દિવસે તેમજ વેકેશન દરમ્યાન જિમ બંધ રહેશે.

જિમનો સમય:

(૧) સવારે ૧૦.૩૦ થી ૧.૦૦ ફકત ખેલાડી ભાઈઓ માટે
(૨) સાંજે ૫.૩૦ થી ૬.૩૦ મહિલા તથા ખેલાડી બહેનો માટે
(૩) સાંજે ૪.૩૦ થી ૫.૩૦ અન્ય વિધાર્થીઓ તથા સભ્યો માટે





કોમર્સ લેબ :

વેપાર વાણિજ્યના બદલાતા પ્રવાહોથી વિદ્યાર્થીઓ અવગત થાય તથા વાણિજ્ય - કોમર્સના અભ્યાસકમની વ્યવહાર ઉપયોગીતા સમજે એ માટે સંસ્થામાં ડૉ. એમ. બી. પરમારના માર્ગદર્શન નીચે કોમર્સ લેબ કાર્યરત છે.

શ્રીમતી નિરુબેન કીર્તિકુમાર જોષી આદિવાસી સંશોધન કેન્દ્રઃ

સંસ્થામાં સ્થાનિક અને આદિવાસી સંદર્ભિત સંશોધનોને વેગ મળે એ માટે ડૉ. એ. બી. બ્રહ્મભટ્ટના માર્ગદર્શન નીચે શ્રીમતી નિરુબેન કે. જોષી આદિવાસી સંશોધન કેન્દ્ર કાર્યરત છે. જે અંતર્ગત આદિવાસી અને સ્થાનિક મુદ્દાઓને આવરતા સંશોધન સંદર્ભે માર્ગદર્શન અપાય છે.વળી, સામાજિક આર્થિક સંશોધનો કરવા ઇચ્છતા વિદ્યાર્થીઓ માટે નમૂનારૂપ સંશોધનો(Ph.D., M.Phil થીસિસ) તથા ગ્રંથો પણ ઉપલબ્ધ છે. આ કેન્દ્ર અંતર્ગત અત્યાર સુધી પાંચ વિધાર્થી Ph.D. અને છ વિધાર્થી M.Phil થયા છે.





॥ કોલેજ ગ્રંથાલય ॥

કોલેજમાં મહત્ત્વના અંગ તરીકે કાર્યરત એવું સમૃદ્ધ ગ્રંથાલય છે. જે કોલેજની શૈક્ષણિક અને શિક્ષણેતર પ્રવૃત્તિઓમાં મહત્ત્વની ભૂમિકા અદા કરે છે. જેમાં ગ્રંથભંડાર, વાંચન ખંડ, સામયિકો, કમ્પ્યૂટર, ટેપરેકોર્ડર, ઈન્ફર્મેશન ટેકનોલોજીનાં સાધનો, ઈન્ટરનેટ એકસેસ વગેરે જેવી અદ્યતન સગવડો ઉપલબ્ધ છે.

ગ્રંથાલય સમૃદ્ધિ :

વિગત	પુસ્તકો	સામયિકો	દૈનિકપત્રો	ઈ-બુકસ N-List	ઈ-જર્નલ	CDS
સંખ્યા	૩૪૫૮૧	૧૦૩	૭	૫૧૦૦૦	૨૧૦૦૦	૩૭૪

આ ઉપરાંત નકશા, એટલાસ, સંદર્ભ ગ્રંથો, થીસિસ, સામયિકનાં બાઈંડિંગ વોલ્યુમ વગેરે પણ ઉપલબ્ધ છે.

ગ્રંથાલય સેવાઓ અને પ્રવૃત્તિઓ :

૧. સંદર્ભ અને માહિતી સેવા
૨. વાંચન અને પુસ્તક ઈશ્યુ સેવા
૩. બુક બેંક યોજના
૪. ઝેરોક્ષની સગવડ
૫. ઈન્ટરનેટ એકસેસ
૬. વાંચન શિબિર અને બુકરિવ્યુ
૭. ગ્રંથાલય ઓરિએન્ટેશન
૮. પ્રસંગોચિત પુસ્તક પ્રદર્શન
૯. પુસ્તક-મેળાનું આયોજન
૧૦. સ્પર્ધાત્મક પરીક્ષા (જેવી કે GPSC, UPSC, SSC,CAT, NET, TOFEL વગેરે) સંદર્ભિત તથા રોજગારલક્ષી માર્ગદર્શન
૧૧. આંતરિક અને યુનિવર્સિટી પરીક્ષાના પ્રશ્નપત્રોના સેટ
૧૨. વિવિધ વિષયના અભ્યાસક્રમની માહિતી
૧૩. આંતરિક પરીક્ષાની મોડેલ આન્સર બુક
૧૪. ઉચ્ચ પ્રતિભા ધરાવનાર વિદ્યાર્થી માટે 'ગોલ્ડન કાર્ડ ફોર એડવાન્સ લર્નર' યોજના
૧૫. નવાં આવેલાં પુસ્તકોની યાદી અને પ્રદર્શન
૧૬. ભૂતપૂર્વ વિદ્યાર્થી, શિક્ષકો અને સમાજના અભ્યાસુ નાગરિકોને પણ ગ્રંથાલયની સેવાઓનો લાભ
૧૭. વાંચન વૃદ્ધિના હેતુથી બાઈન્ડિંગ ન કરાવવાનાં હોય તેવાં સામયિકોના અંકોનું રૂ. ૧ની ટોકન કિંમતે વેચાણ
૧૮. ડિજિટલ લાયબ્રેરી INFLIBNET ના N-LIST પ્રોગ્રામ અંતર્ગત ઈ-બુકસ - ૫૧૦૦૦, ઈ-જર્નલ્સ - ૨૧૦૦૦

શૈક્ષણિક અને શિક્ષણેતર પ્રવૃત્તિઓ

૧. વિદ્યાર્થી પરિષદ (ઈન્ચાર્જઃ ડૉ. કે. એન. બ્લોચ)

યુનિ. નાં ધારાધોરણ મુજબ રચાયેલી આ પરિષદ વિદ્યાર્થીઓની જરૂરિયાતો, પ્રશ્નો વગેરે બાબતે સક્રિય છે. ઉપરાંત, વર્ષની શરૂઆતમાં વિદ્યારંભ તથા પારિતોષિક વિતરણ કાર્યક્રમનું તથા વર્ષાન્તે વિદાય લેતા વિદ્યાર્થીઓ માટે વિદાય સમારંભનું આયોજન કરે છે.



૨. પરીક્ષા આયોજન (ઈન્ચાર્જઃ ડૉ. કે. એન. બ્લોચ)

પરીક્ષા આયોજન સંદર્ભે પરીક્ષા સમિતિ યુનિ. ના ધારાધોરણ મુજબ વર્ષ દરમિયાન કોલેજે લેવાની આંતરિક કસોટીઓ તંદુરસ્ત વાતાવરણમાં સમયસર અને તટસ્થપણે યોજવાની, તેમજ તેના પરિણામ સમયસર જાહેર કરવાની કામગીરી બજાવે છે.

૩. કારકિર્દી માર્ગદર્શન કેન્દ્રઃ (ઈન્ચાર્જઃ શ્રી એચ. એચ. ચૌહાણ)

કારકિર્દી-ઘડતર તથા વ્યક્તિત્વ-વિકાસમાં વિદ્યાર્થીઓને મદદરૂપ બનવાના હેતુથી આ કેન્દ્ર ચાલે છે. જેમાં અઠવાડિયામાં એક કલાક વિદ્યાર્થીઓને વ્યક્તિત્વ-વિકાસ સંદર્ભે તેમજ વ્યવસાયલક્ષી અને સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી સંદર્ભે માહિતી તેમજ માર્ગદર્શન અપાય છે.

ઉપરાંત, દૈનિકપત્રો, સામાયિકો વગેરેમાં છપાતી રોજગારલક્ષી જાહેરાતોનાં કટિંગ કે તેના વિશેની માહિતી નોટિસ બોર્ડ પર મૂકવી, તજજ્ઞ વ્યાખ્યાન, મોક ઈન્ટવ્યુ, જનરલ નોલેજ ટેસ્ટ, ક્વિઝ, પ્લેસમેન્ટ આદિનું આયોજન વગેરે કામગીરી પણ આ કેન્દ્ર સંભાળે છે.

૪. સાહિત્ય સંદર્ભિત પ્રવૃત્તિ : (ઈન્ચાર્જઃ ડૉ. એ. આર. ચૌહાણ)

આ પ્રવૃત્તિ અંતર્ગત સાહિત્ય સંદર્ભિત સમિતિ વકતૃત્વ, ક્વિઝ, નિબંધલેખન, પાદપૂર્તિ, કાવ્યલેખન, કાવ્યપઠન વગેરે પ્રવૃત્તિનું તેમજ તત્સંદર્ભિત શિબિર સ્પર્ધાઓનું આયોજન કરે છે. ઉપરાંત, યુનિ. દ્વારા યોજાતી ઉપરોક્ત પ્રવૃત્તિઓ સંદર્ભિત શિબિર કે સ્પર્ધામાં ભાગ લેવા વિદ્યાર્થીઓને જરૂરી પ્રેરણા, પ્રોત્સાહન, માર્ગદર્શન તથા તાલીમ પૂરાં પાડે છે.

૫. સાંસ્કૃતિક પ્રવૃત્તિઃ (ઈન્ચાર્જઃ ડૉ. એ. આર. ચૌહાણ)

યુનિવર્સિટી તેમજ રાજ્યકક્ષાએ યોજાતી એકાંકી, સ્કીટ, એકપાત્રીય અભિનય, શેરીનાટક, સમૂહનૃત્ય, શાસ્ત્રીયનૃત્ય વગેરે જેવી સાંસ્કૃતિક તથા સંગીત વિષયક સ્પર્ધાઓમાં ભાગ લેતા વિદ્યાર્થીઓને આ સમિતિ જરૂરી પ્રેરણા, માર્ગદર્શન તથા તાલીમની તક પૂરી પાડે છે. કોલેજ કક્ષાએ પણ આ સમિતિ પ્રસંગોપાત ઉપરોક્ત જેવી પ્રવૃત્તિ કે સ્પર્ધાનું આયોજન કરે છે.

૬. ભીતપત્રોઃ (ઈન્ચાર્જઃ ડૉ. કે. એન. બ્લોચ)

વિદ્યાર્થીઓમાં રહેલી સાહિત્ય-સર્જનની શકિત વિકસે તથા તેમને સર્જનની પ્રેરણા મળે તેવા હેતુથી આ સમિતિ રચાઈ છે. તે **'સ્પંદન'** નામે એક ભીતપત્ર ચલાવે છે. તેમાં દર મહિને વિદ્યાર્થીઓની મૌલિક સાહિત્ય-રચનાઓ તેમજ જાણીતા સર્જકોની ટૂંકી કૃતિઓ પ્રદર્શિત કરવામાં આવે છે.



૭. એન. એસ. એસ.-NSS (ઈન્ચાર્જઃ ડૉ. એમ.કે.ખેર)

રાષ્ટ્રીય સેવા યોજના અંતર્ગત બે યૂનિટ ચાલે છે. વર્ષ દરમ્યાન સમાજ-સેવા, શ્રમ,વ્યકિતત્વ વિકાસ, વિવિધ સ્પર્ધા, વિષય-નિષ્ણાતનાં વ્યાખ્યાન આદિ પ્રવૃતિ થાય છે. ઉપરાંત, દર વર્ષે આસ-પાસના કોઈ એક ગામમાં સાત દિવસની વાર્ષિક શિબિર યોજવામાં આવે છે. એન. એસ. એસ. માં સંસ્થાનો કોઈપણ વિધાર્થી જોડાઈ શકે છે. આ પ્રવૃત્તિમાં નિયમિત બે વર્ષ સુધી ભાગ લેનાર તેમજ ઓછામાં ઓછી એક વાર્ષિક શિબિરમાં જોડાનારને યુનિ. દ્વારા પ્રમાણપત્ર આપવામાં આવે છે.

૮. એન. સી. સી. - NCC (ઈન્ચાર્જઃ ડૉ. એમ. બી. પરમાર)

આ વિભાગ અંતર્ગત દર વર્ષે ૫૫ વિધાર્થીને કેડેટસ તરીકે પસંદ કરી ડ્રીલ,ફાયરીંગ,મેપ રીડીંગ,વેપન ટ્રેનિંગ,પ્રાથમિક ઉપચાર પદ્ધતિ, શારીરિક શ્રમ-પ્રવૃત્તિ આદિ અંગે માહિતગાર કરી,તે-તે વિષયક વિવિધ કામગીરી કરાવવામાં આવે છે. ઉપરાંત,દર વર્ષે યોજાતા સ્થાનિક તેમજ રાષ્ટ્રિય કેમ્પ (ઉદા. RDC.,CATC., IDC., NIC., TREKING વગેરે) માં,તેમજ નિયમિત લેવાતી ' B 'તેમજ ' C ' પ્રમાણપત્રની પરીક્ષામાં કેડેટસને ભાગ લેવા પ્રેરી, તૈયાર કરવામાં આવે છે.



૯. શારીરિક શિક્ષણ અને રમતગમતઃ (ઈન્ચાર્જઃ ડૉ. એ. બી. બ્રહ્મભટ્ટ)

આ અંતર્ગત વિધાર્થીઓ માટે વિવિધ રમતની પ્રશિક્ષણ શિબિર નું આયોજન,શારીકિ ક્ષમતા-કસોટી તથા મૂલ્યાંકન વગેરે પ્રવૃત્તિ થાય છે. આ ઉપરાંત આરોગ્ય જાળવણી,પ્રાથમિક સારવાર, શારીરિક તપાસ, બ્લડ ડોનેશન-કેમ્પ વગેરેને લગતા કાર્યક્રમોનું આયોજન થાય છે. વળી,વર્ષ દરમ્યાન યુનિ. દ્વારા નિયત રમતગમત સ્પર્ધાઓનું સંચાલન, ટીમ પસંદગી વગેરેની કામગીરી પણ કરવામાં આવે છે. તેમજ વિધાર્થીને પ્રેરણા, પ્રોત્સાહન, તાલીમ તથા માર્ગદર્શન આપવાનું કાર્ય પણ આ પ્રવૃત્તિ અંતર્ગત થાય છે.

૧૦. સ્પર્ધાત્મક પરીક્ષા તાલીમ કેન્દ્રઃ (ઈન્ચાર્જ- ડૉ. આર. જે. દેસાઈ)

કોલેજના વિદ્યાર્થીઓ વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષામાં ભાગ લઈ તેમાં ઉત્તમ દેખાવ કરી રોજગાર મેળવી શકે તે માટે આ કેન્દ્ર દ્વારા યુજીસીના સહયોગથી વિદ્યાર્થીઓને સમયાંતરે જુદી જુદી સ્પર્ધાત્મક પરીક્ષાઓની તાલીમ તજજ્ઞો દ્વારા આપવામાં આવે છે.